EDII

Gujarat Samachar

November 10, 2016
Page No. 3
Of Ahmedabad City(Plus)

# વિકાસશીલ દેશોના પડકારો ITECના કાર્યક્રમમાં ચર્ચાયા



એક ઉદ્યોગસાહસિકની બધી જ શકિત અને હિંમત તેના સ્વપ્નનો પીછો કરવામાં વાપરવી જોઈએ. સાહસિકો માટે નિષ્ફળતાએ પાઠ શીખવે છે. ભૂલો કરો પરંતુ તેનુ ક્યારેય પુનરાવર્તન ન કરો એ જ સફળતાની સરળ ચાવી છે. આ શબ્દો છે બાલાજી ગ્રુપના ચેરમેન આશિષ શાહના. તેઓ એ અમદાવાદની 'એન્ટરપ્રિન્યોર ડેવલપમેન્ટ ઈન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડીયામાં આયોજીત આંતરરાષ્ટ્રીય કક્ષાની નવા ઉદ્યોગસાહસિક માટેની ટ્રેનિંગમાં આ વાત કરી હતી. જેમાં વિવિધ ૨૩ દેશમાંથી ૮૪ સહભાગી આવેલા હતા. આ ટ્રેનિંગ કાર્યક્રમનો મુખ્ય ઉદેશ વિકાસશીલ દેશના નાના ઉદ્યોગોનું પ્રમોશન, તેની મુડી બજારો, ઈન્વેસ્ટમેન્ટ બેંન્કીગ અને સ્થાનિક આર્થિક વિકાસ જેવા વિષયો પર ભારતમાં રહી આ પ્રકારની ટ્રેનિંગ લેવાનું હતું.